# IPOમાં તેજી, ગ્રે માર્કેટમાં ધૂમ પ્રીમિયમથી રોકાણકારોને કમાણી

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ઇક્વિટીની સાથે પ્રાઈમરી માર્કેટમાં પણ મજબૂત સ્થિતી જોવા મળી છે. અનેક કંપનીઓ માર્કેટમાં પ્રવેશવા કતારમાં છે. આગામીસપ્તાહે 5-6 કંપનીના આઈપીઓ આવી રહ્યાં છે.

**આઝાદ એન્જિ.નો આઈપીઓ 20 ડિસેના રોજ ખુલશે**

આઝાદ એન્જિનિયરિંગ લિમિટેડનો આઈપીઓ 20 ડિસે.ના રોજ ખુલશે અને 22 ડિસે.ના બંધ થશે. કંપનીએ રૂ. 2 પ્રત્યેકની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂ. 499થી રૂ. 524 પ્રતિ ઈક્વિટી શેર પર પ્રાઇઝ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા 28 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 28 ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાય છે.

**મોતીસંસ જ્વેલર્સનો ઈશ્યૂ 18 ડિસે., પ્રાઈસ બેન્ડ રૂ.52 થી 55**

જયપુર સ્થિત હાઈપરલોકલ જ્વેલરી રિટેલ ચેઈન, મોતીસંસ જ્વેલર્સ તેના ગ્રાહકોને ડિઝાઈન, ઉચ્ચ ગુણવત્તા, પારદર્શિતા અને ગ્રાહક સેવા ઑફર કરવા પર વધારે ધ્યાન કેન્દ્રિત કરે છે, તેણે તેની મેડન ઈનિશિયલ પબ્લિક ઑફર માટે ઈક્વિટી શેર દીઠ રૂ. 52 થી 55 નો પ્રાઇસ બેન્ડ નક્કી કર્યો છે. કંપનીનો આઈપીઓ 18 ડિસે.ના રોજ ખુલશે અને 20 ડિસે.ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા 250 ઈક્વિટી શેર અને ત્યારબાદ 250 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ લગાવી શકે છે.

**સૂરજ એસ્ટેટ ડેવ.નો ઈશ્યૂ 18 ડિસે. ખુલશે, પ્રાઈસબેન્ડ 340-360**

મુંબઈ સ્થિત રિઅલ્ટર સૂરજ એસ્ટેટ ડેવલપર્સ લિમિટેડે તેની ઈનિશિયલ પબ્લિક ઑફર માટે ઈક્વિટી શેર દીઠ રૂ. 340 થી 360 ના ભાવે પ્રાઈસ બેન્ડ નક્કી કર્યું છે. ઈશ્યૂ 18 ડિસે.ના રોજ ખુલશે અને 20 ડિસે.ના બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા 41 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 41 ઈક્વિટી શેરના ગુણાંકમાં બીડ કરી શકે છે.